કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.$^{+}$
પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ
આપવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૦/૦૬/૨૦૧૫

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦/૦૯/૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક: જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૨/૭/૨૦૧૩નું જાહેરનામું ક્રમાંક: જીએસ/૨૦૧૩/૧૩/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક

(૪) સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૨/૦૫/૨૦૧૫ નું જાહેરનામું ક્રમાંક: જીએસ/૨૦૧૫/૨૩/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૨/૦૭/૨૦૧૩નો પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક

## પરિપત્ર ::-

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.$^{+}$ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં, સરકારી કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨. જે અધિકારીઓ/કર્મચારીઓએ ૫૦ વર્ષ પૂરા કરેલ હોય તેઓને અને હવે પછી જે અધિકારીઓ/કર્મચારીઓ જે તારીખે ૫૦ વર્ષ પૂરા કરશે તે તારીખથી તેઓને કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા (C.C.C./C.C.C.$^{+}$) પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે અને આ રીતે મુક્તિ મેળવેલ કર્મચારીઓ / અધિકારીઓ ઉચ્ચત્તર પગાર ધોરણ/બઢતી મેળવવાને પાત્ર ગણાશે.

Scanned by CamScanner

૩. સચિવાલયના સર્વે વિભાગને ઉકત સૂચનાઓ તેમના વહીવટીતંત્ર હેઠળના સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. (સંબંધિત વિભાગે તેમના હસ્તકના ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારી/અધિકારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

૪. સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૨/૦૭/૨૦૧૩ના પરિપત્ર ક્રમાંક: પરચ/ ૧૦૨૦૦૫/ ૧૫૧૯/પાર્ટ-૧/ક ની અન્ય સુચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડયા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલટ્રેનીંગ, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓનાં ધ્યાને લાવવાની સૂચના સહ)
- એકઝીકયુટીવ,સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ,GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.
- પત્ર દ્વારા.

Scanned by CamScanner